# ડોનાલ્ડ ટ્રમ્પ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લેવા તૈયાર

**ગાંધી આશ્રમમાં મોદી રાષ્ટ્રપિતા ગાંધીજી અને આશ્રમની ઐતિહાસિક વાતો ટ્રમ્પને જણાવશે : ઉત્સુકતાનું વાતાવરણ**

અમદાવાદ,તા.૨૩

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શહેરના સાબરમતી ગાંધીઆશ્રમની મુલાકાતને લઈ છેલ્લા કેટલાક દિવસોથી અસમંજસતાભરી અને દ્વિધાભરી પરિસ્થિતિ ખુદ તંત્ર, પોલીસ અને શહેરીજનોમાં પ્રવર્તી રહી હતી ત્યારે આજે આશ્રમ સત્તાધીશો દ્વારા આ સમગ્ર મામલે સત્તાવાર પુષ્ટિ કરાઈ હતી અને સ્પષ્ટ કરાયું હતું કે, અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આવતીકાલે ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લેશે. આશ્રમની મુલાકાત દરમ્યાન ટ્રમ્પ ગાંધીજીનો ચરખો પણ કાંતે તેવી શકયતા છે. તો, વડાપ્રધાન મોદી પણ ડોનાલ્ડ ટ્રમ્પને સાબરમતી ગાંધી આશ્રમની અને રાષ્ટ્રપિતા ગાંધીજીની ઐતિહાસિક વાતો અને તેના મહાત્મ્યતાની વાતોથી સારીપેઠે વાકેફ કરશે. તો, આવતીકાલે ગાંધી આશ્રમની મુલાકાત દરમ્યાન આશ્રમ સત્તાવાળાઓ તરફથી બંને મહાનુભાવોનું સ્વાગત થશે. તેઓ આશ્રમમાં ગાંધીજીના સ્મારક હૃદયકુંજની મુલાકાત લેશે. આ પ્રસંગે આશ્રમ તરફથી અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને ચરખો અને પુસ્તક પણ એનાયત કરવામાં આવશે.

આજે ગાંધીઆશ્રમના ટ્રસ્ટી અમૃત મોદીએ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીની આવતીકાલે ગાંધીઆશ્રમમાં મુલાકાતને લઈ પુષ્ટિ કરી હતી. તેમના મતે, આ બંને મહાનુભાવો આવતીકાલે બપોરે ૧૨-૩૦ વાગ્યાની આસપાસ આશ્રમની મુલાકાત લેશે અને આશ્રમમાં પંદરથી વીસ મિનિટ સુધી રોકાણ કરી તેને યાદગાર બનાવશે. બંને મહાનુભાવોની આવતીકાલે ગાંધીઆશ્રમની મુલાકાતને લઈ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ પણ જણાવ્યું હતું કે, અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી આવતીકાલે ગાંધીઆશ્રમમાં મુલાકાત લેવાના હોઈ પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાને લઈ લોખંડી અને ફુલપ્રુફ વ્યવસ્થા કરવામાં આવી છે. સાત જેટલા આઈપીએસ અધિકારીઓ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓને આશ્રમની સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી સોંપાઈ છે અને તેને લઈને જ આશ્રમમાં લોખંડી સુરક્ષા કવચ ખડકી દેવાયું છે. દરમ્યાન મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ પણ આજે ટવીટ્ કરીને સ્પષ્ટ કર્યુ હતું કે, મોદી અને ટ્રમ્પનો રોડ શો ૨૨ કિ.મીનો જ રહેશે.

# ડોનાલ્ડ ટ્રમ્પને ગુજરાતી ઢોકળા-ખમણ પીરસાશે

અમદાવાદ,તા. ૨૩

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, તેમના પત્ની મલેનિયા સાથે આવતીકાલે બપોરે જયારે ગાંધીઆશ્રમની મુલાકાત લેવાના છે ત્યારે તે દરમ્યાન તેમને ગુજરાતી ખાદ્યસંસ્કૃતિની ઓળખ સમા સ્વાદિષ્ટ ઢોકળા-ખમણનો નાસ્તો પીરસવામાં આવશે. ટ્રમ્પ અને તેમના પત્ની મલેનિયાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીઆશ્રમના ઐતિહાસિક વારસા અને સંસ્કૃતિનો પરિચય કરાવશે તે દરમ્યાન તેઓને હળવો નાસ્તો પીરસવાની પણ તૈયારી કરી રખાઈ છે. આ મહાનુભાવો માટે હાઈ ટી, ગ્રીન ટી, ફ્રાય એપલ સહિતની વ્યવસ્થા રાખવામાં આવી છે. આવતીકાલની ગાંધી આશ્રમની મુલાકાત દરમ્યાન અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મલેનિયાને ગુજરાતી શુધ્ધ અને સ્વાદિષ્ટ ઢોકળા, ખમણ, ચટણીની સાથે સાથે પંજાબી સમોસા અને ઓરેન્જ જયુસ પણ પીરસવામાં આવશે.



તો ગરમીના વાતાવરણને ધ્યાનમાં રાખીને તેઓને ઠંડક માટે નાળિયેર પાણી ઓફર કરવામાંઆવશે. તંત્ર દ્વારા ટ્રમ્પ અને તેમના પત્ની માટે આ સ્વાદિષ્ટ મેનુની જવાબદારી શહેરની એક જાણીતી હોટલના શેફને સોંપવામાં આવી છે. આ સિવાય પણ જો છેલ્લી ઘડીયે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને તેમના પત્નીની બીજા નાસ્તા કે ભોજનની ઈચ્છા હોય તો તે માટેની પણ તૈયારી રાખવામાં આવી છે. બપોરના સમયને ધ્યાનમાં રાખીને આ ખાસ લાઈવ સ્નકેસ પીરસવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે ખાસ કાળજી રાખવામાં આવી રહી છે.

## ગેટ તૂટી ગયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતીકાલના આગમન પહેલાં જ આટલી મોટી ગંભીર બેદરકારી અને ખામીએ અમ્યુકો, તંત્ર અને આયોજકોની તૈયારી અને આયોજનોને લઈ ગંભીર સવાલો ઉભા કરી દીધા હતા.

આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. સોશ્યલ મીડિયામાં પણ ટ્રમ્પ અને મોદીની આવતીકાલની મુલાકાત પહેલાં જ તેઓ જયાંથી પસાર થવાના હતા, તે ત્રણ નંબરના વીવીઆઈપી ગેટ અને તેની બાજુનો પબ્લીક ગેટ તૂટી પડતાં ભારે હાસ્યાસ્પદ અને ટીકાત્મક કોમેન્ટો થતી જોવા મળી હતી. તો, બંને મહાનુભાવોની સુરક્ષાને લઈને પણ ગંભીર સવાલો ઉઠયા હતા. આ સમગ્ર પ્રકરણમાં જે કોઈ કોન્ટ્રાકટર, આયોજક કે અધિકારીની ખામી હોય તેઓની વિરૂધ્ધ તાત્કાલિક સબકસમાન આકરા પગલાં લેવા પણ માંગણી ઉઠવા પામી હતી.

## સામાન્ય સભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર લાદવામાં આવેલો કરબોજ પાછો ખેંચે તો બજેટ સર્વાનુમતે પસાર કરવાની ખાત્રી આપી હતી જે ઉલ્લેખનીય છે. વિપક્ષ દ્વારા આકારણીઓમાં રહેલી ક્ષતિઓ, પેયજળની ગુણવત્તા સહિતના મુદ્દાઓ ઉપસ્થિત કરી પ્રજાને હજુ વધુ રાહત આપવાની તેમજ મનપાના વહીવટને વધુ લોકાભિમુખ બનાવવા માટે કેટલાક સૂચનો કરશે તેમ વિપક્ષના વર્તુળઓમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપના ૧૭ અને કોંગ્રેસના ૧૫ સભ્યો છે. બન્ને પક્ષો દ્વારા બજેટ અંગે તેમની રીતે તૈયારી કરી રહ્યા છે.

રાજ્યનુ બજેટ રજુ થયા પછીના ત્રણ દિવસે મનપાનુ બજેટ સામાન્ય સભામાં રજુ થશે. પહેલીવાર સ્થાપના પછી ફેબ્રુઆરીના છેલ્લા દિવસે સામાન્ય સભામાં બજેટ રજુ થશે જે પણ ઐતિહાસિક બનશે.

## કાઉન્સિલરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોર્ડની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ માટે કન્ટ્રોલ રૂમ તેમજ હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને નડતી કોઈપણ પ્રકારની મુંઝવણ દુર થાય તે માટે ચારેય તાલુકામાં ૮ જેટલા કાઉન્સિલરોની પણ નિમણુંક કરી દેવામાં આવી છે. મોબાઈલ નંબર સાથે આ કાઉન્સિલરની યાદી પણ તૈયાર કરી દેવામાં આવી છે. આ કાઉન્સિલરોમાં વિવિધ શાળાના આચાર્યોને નિમણુંક આપવામાં આવી છે.

## અતિતની આજ...

● ચોથા પાનાનું ચાલુ

પોતાના પુત્ર તેજસ્વીને નાયબ મુખ્યમંત્રી બનાવવા સંમતિ આપી હતી. સંયુક્ત સરકારમાં કોંગ્રેસ પણ જુનિયર પાર્ટનર હતી. જોકે નીતીશે પાછળથી પલટી મારીને ભાજપ સાથે ઘર માંડ્યું હતું. વિપક્ષના નેતા અને ભાજપના સુશીલ કુમાર નાયબ મુખ્યમંત્રી બન્યા અને તેજસ્વી વિપક્ષી નેતા બન્યા. મહારાષ્ટ્રમાં ફડણવીસ પહેલીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપ પાસે બહુમતી નહોતી. શિવસેના તો રૂસણે બેઠેલી હતી. રાષ્ટ્રવાદીના શરદ પવારનો આડકતરો ટેકો મળતાં ભાજપની સરકાર બની અને પાછળથી શિવસેના એમાં જોડાઈ હતી. એ યુગમાં તો વડાપ્રધાન મોદી વારંવાર પવારના બારામતી જઈને એમને પોતાના રાજકીય ગુરુ કહેવા સુધી ગયા હતા. જે સરકાર રાષ્ટ્રવાદીની દયા પર બની હતી એ સરકારે રાષ્ટ્રવાદીના નેતાઓને જેલવાસી બનાવ્યા અને ફરી જયારે મુખ્યમંત્રી બનવાનું આવ્યું ત્યારે પવારના ભત્રીજા અજિત પવાર ખરડાયેલી પ્રતિભાવાળા હોવા છતાં તેમને ફડણવીસ સરકારમાં નાયબ મુખ્યમંત્રી બનાવ્યા! આજે ઠાકરે સરકારમાં અજિતદાદા નાયબ મુખ્યમંત્રી છે અને જેલમાં લાંબો સમય ગાળનારા છગન ભુજબળ પણ મંત્રી છે. રાજકારણમાં જેલવાસી મંત્રીપદ લઈને મહેલવાસી થવાના અનેક દાખલા પાર્ટી વિથ અ ડિફરન્સમાં પણ છે. આવા સંજોગોમાં ગમે ત્યારે મહારાષ્ટ્રમાં આસમાની સુલતાની થઈ શકે છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની મજબૂરી એમને ફરી ભાજપ ભણી દોરી જઈ શકે છે. અથવા તો મારા પિતાએ કોંગ્રેસી વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની ઈમર્જન્સીને ય ટેકો આપ્યો હતો, એવું કહીને કોંગ્રેસ સાથે સરકાર ચલાવી શકાય ત્યાં લગી ચલાવશે, અન્યથા ઉલાળિયાં પણ કરી શકે. ગાજરની પીપૂડી વાગે ત્યાં સુધી વગડાવી. બાકી તો આગે આગે ગોરખ જાગે.

-haridesai@gmail.com

## ઉત્સુકતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, ભારત ટ્રમ્પનું સ્વાગત કરવા માટે તૈયાર છે. આ સન્માનની બાબત છે કે, તેઓ આવતીકાલે અમારી સાથે રહેશે. શરૂઆત અમદાવાદમાં ઐતિહાસિક કાર્યક્રમ સાથે થનાર છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ટ્વિટ કરીને માહિતી આપી છે અને લોકો ટ્રમ્પના પ્રવાસને લઈને ઉત્સુક છે. આ ઐતિહાસિક યાત્રા બની રહેનાર છે. ટ્રમ્પ સમગ્ર પરિવાર સાથે પહોંચી રહ્યા છે જેમાં તેમના પત્નિ મેલેનિયા, પુત્રી ઈવાન્કા અને જમાઈ જરેડ કુશનર સામેલ છે. અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ લાલઝાઝમ બિછાવીને તેમનું સ્વાગત કરાશે. ત્યારબાદ રોડ શોમાં મોદી ભાગ લેશે. બંને મોટેરા સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં પહોંચશે. એરપોર્ટ ઉપર વડાપ્રધાન મોદી ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ સ્વાગત માટે પહોંચે તેવી શક્યતા છે. એક લાખથી પણ વધુ લોકો પહોંચનાર છે. જો કે, આ આંકડો વધી જવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી ચુકી છે. અમદાવાદ કાર્યક્રમ યોજ્યા બાદ મોદી અને ટ્રમ્પ વચ્ચે યોજાનારી ઐતિહાસિક બેઠક પર પણ તમામની નજર છે.


# ભવ્ય ગુજરાતના જ્વલંત વિજય અને સફળતાના ભાગ બનવા આપનું સ્વાગત છે

सत्यमेव जयते
ગુજરાત સરકાર

રોકાણ | ઉત્પાદન | વિકાસ | વ્યાપાર | સુમેળ

## FDI



### વિદેશી મૂડીરોકાણકારોની પહેલી પસંદ - ગુજરાત

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ, શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પારદર્શિતા, સ્કિલ્ડ મેન પાવર, ઉદ્યોગો અને વર્ક ફોર્સ વચ્ચે સુમેળ અને પરસ્પર વિશ્વાસ.



**પરિણામ :**

- ચાલુ વર્ષના પહેલા ૬ મહિનામાં જ પાછલા વર્ષના કુલ મૂડીરોકાણ કરતા બમણું રોકાણ સંભવ બન્યું. વર્ષ ૨૦૧૮-૧૯માં આવેલા કુલ રૂ. ૧૨,૬૧૮ કરોડના FDI સામે ચાલુ વર્ષના પહેલા છ મહિનામાં જ રૂ. ૨૪,૦૧૨ કરોડનું FDI
- વિશ્વની ૨૦૦થી વધુ નામાંકિત કંપનીઓએ વાઈબ્રન્ટ સમીટ અને મેક ઈન ઈન્ડિયા જેવા સફળ પ્રયાસોના ફળ સ્વરૂપે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપ્યા
- ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ગુજરાતનું સ્થાન ખૂબ ઊંચું
- સમગ્ર દેશના કુલ મૂડીરોકાણના ૫૦% થી પણ વધુ રોકાણ કેવળ ગુજરાતમાં. IEM દ્વારા ભારતમાં થયેલા રૂ. ૬,૭૮,૮૫૨ કરોડના મૂડીરોકાણમાંથી રૂ. ૩,૪૩,૮૩૪ કરોડનું મૂડીરોકાણ ફક્ત ગુજરાતમાં
- મૂડીરોકાણમાં પ્રથમ ક્રમે રહેલા ગુજરાતે બીજા ક્રમે રહેલા મહારાષ્ટ્ર કરતા ત્રણ ગણું ઈન્વેસ્ટમેન્ટ મેળવ્યું.

## MSME

### પહેલા ઉદ્યોગ સ્થાપો, પછી મંજૂરી

- MSMEની તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન
- નવા MSME સ્થાપવા માટેની વિવિધ મંજૂરી લેવામાં ૩ વર્ષની છૂટ
- MSME ની મદદ માટે રાજ્યમાં MSME ફેસિલિટેશન ડેસ્ક તેમજ અલગ MSME કમિશનરેટની સ્થાપના

**પરિણામ :**

- દર મહિને ૧૬ હજાર નવા MSME ની નોંધણી
- છેલ્લાં ત્રણ વર્ષમાં ૪,૮૩,૩૬૬ MSME એકમો દ્વારા રૂ. ૮૫,૦૦૦ કરોડનું રોકાણ
- નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ થકી ગુજરાતમાં રોજગારીની તકો વધી, દેશના તમામ રાજ્યોની સરખામણીમાં ૮૧% એમ્પ્લોયમેન્ટ જનરેશન સાથે ગુજરાત ટોચ ઉપર છે, તેમજ ગુજરાત બેરોજગારીનો સૌથી ઓછો દર ધરાવતું રાજ્ય બન્યું



## STARTUP

### ગુજરાતનો યુવા જોબ સીકર નહીં, જોબ ગીવર બન્યો



- રાજ્યમાં સ્ટાર્ટઅપ માટે ઈન્ક્યૂબેશન સેન્ટરોની સ્થાપના
- સ્ટાર્ટઅપને પ્રોત્સાહન અને પ્રેરણા આપનારૂં પોઝિટીવ એન્વાર્યમેન્ટ ઉભુ કરાયું

**પરિણામ :**

- ભારતના કુલ ફન્ડેડ સ્ટાર્ટઅપમાં ૪૩% સ્ટાર્ટઅપ સાથે ગુજરાત નંબર ૧

## EXPORT

### અનાજથી લઈને ઓટોમોબાઈલના પાર્ટસ સુધી ગુજરાત બધુ જ એક્સપોર્ટ કરે છે

- પ્રોત્સાહક ઉદ્યોગ પોલિસી
- ગુજરાતનો ૧૬૦૦ કિ.મી. નો દરિયાકાંઠો, ૪૦થી પણ વધુ નાના-મોટા વ્યાપારથી ધમધમતા વિકસીત બંદરો
- દેશનો કુલ કાર્ગો હેન્ડલીંગમાંથી ૪૦% ગુજરાતમાં

**પરિણામ :**

- વર્ષ ૨૦૧૮-૧૯માં દેશના કુલ એક્સપોર્ટમાં ગુજરાત ૨૦.૪% સાથે અગ્રેસર




### મેન્યુફેક્ચરીંગ અને ઑટોમોબાઈલ ક્ષેત્રે ભારતમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યા પછી ભવિષ્યમાં મહત્વના રહેનારા (સનરાઈઝ સેક્ટર) ક્ષેત્રો માટે તૈયાર છે ગુજરાત

- ગ્રીન એનર્જી-કલીન એનર્જી હબ બની રહ્યું છે ગુજરાત
- ૨૦૨૨ સુધીમાં ૩૦,૦૦૦ મેગાવોટ સુધી પહોંચવાનું લક્ષ્ય
- સર્વિસ સેક્ટર માટે અસરકારક નીતિઓ
- IT ક્ષેત્રમાં ગુજરાતને મળી રહી છે સફળતા
- ધાર્મિક સ્થાનો, વાઈલ્ડ લાઈફ ટૂરીઝમ, SOU (સ્ટેચ્યૂ ઓફ યુનિટી) અને અસંખ્ય આકર્ષણ ગુજરાતને પર્યટન ક્ષેત્રે વિશિષ્ટ સ્થાન આપાવી રહ્યાં છે





## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

ઔદ્યોગિક રીતે વિકસીત ગુજરાતને હોલિસ્ટીક ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટનું રોલ મોડલ બનાવવા માટે આધુનિક અભિગમથી સરકાર પ્રયત્નશીલ છે

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત